# રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેકટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોન નંબર: (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨, ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com


## "શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬ જાહેરનામું"
## "Teacher Aptitude Test (Higher Secondary) - 2026 Notification"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૨૦૪૨-૨૦૮૨ તા:૦૫/૦૨/૨૦૨૬

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G,તા.૨૯/૦૪/૨૦૨૩ થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે "શિક્ષક અભિરુચિ કસોટી" (Teacher Aptitude Test– TAT) ના આયોજન બાબતે ઠરાવ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના આ ઠરાવ મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (N.E.P) - 2020 માં વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્ય જેવા કે કમ્યુનિકેશન, ક્રીટીકલ અને ક્રિએટિવ થિંકિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ વગેરે શિખવવાની ભલામણ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યો (VOCATIONAL SKILLS) શિખવવાની પણ ભલામણ કરવામાં આવેલી છે. આ માટે વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો પણ આવા કૌશલ્યોથી સજ્જ હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં એવા શિક્ષકોની જરૂર પડશે કે જેઓ સાક્ષરી વિષયો ઉપરાંત કેટલાક આંતરશાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi- Disciplinary Skill Set) ધરાવતા હોય એટલે કે, વિજ્ઞાનના સ્નાતક પાસે સાહિત્યનું જ્ઞાન હોય, વાણિજયના સ્નાતક પાસે વિજ્ઞાનનું જ્ઞાન હોય, વિનયનના સ્નાતક પાસે વાણિજ્યનું પણ જ્ઞાન હોય તેવા શિક્ષકોની જરૂરિયાત ઉપસ્થિત થશે. આવા શિક્ષકો પોતાના સાક્ષરી વિષયની તજજ્ઞતાની સાથે સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી એવા કોમ્પ્યુટર, વ્યાવસાયિક શિક્ષણ, ચિત્ર, સંગીત, કલા, ખેલકૂદ વગેરે જેવા કૌશલ્યો પણ શિખવવા સક્ષમ હશે. બદલાતા જતા શૈક્ષણિક વિશ્વમાં આગામી સમયમાં શિક્ષકોએ સતત નવું નવું શીખવાની અનિવાર્યતા ઊભી થયેલ છે. સાથે સાથે બદલાતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં આવનારા સમયમાં શાળાઓમાં શીખવવાના થતાં વિષયો અને વિષયવસ્તુમાં થનારા ફેરફારોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષણના હિતમાં ઉપરોકત કૌશલ્યો ધરાવતા શિક્ષકોને ઓળખવાની એક ચોક્કસ પધ્ધતિ વિકસાવવાની જરૂરી છે.

બદલાતા જતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષક પ્રતિભાશાળી હોય અને તેમની પાસે ત્રિભાષા સૂત્ર મુજબની ભાષાઓ પર પ્રભુત્વ હોય તે પણ જરૂરી છે. આવા વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા શિક્ષકોને ઓળખવા માટેની પ્રક્રિયા પણ વધુ સઘન હોય તે જરૂરી છે. સબબ ઉપર જણાવ્યા મુજબના જ્ઞાન, આંતર શાખાકીય અને બહુશાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi- Disciplinary Skill Set) ધરાવતા ઉમેદવારોને ઓળખવા એક ચોકકસ પરીક્ષા પધ્ધતિ જરૂરી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ સિદ્ધ કરવા માટે ઉમેદવારોની ક્ષમતા ચકાસવા માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી'(Teacher Aptitude Test– TAT) નું આયોજન કરવાનું ઠરાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવથી ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સરકારી અને ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક)" (Teacher Aptitude Test (Higher Secondary) પરીક્ષા યોજવા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સરકારી અને ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬" ("Teacher Aptitude Test (Higher Secondary) – 2026") રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા યોજવા આથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે. સદર કસોટી / પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલન હેઠળ નક્કી કરેલ કેન્દ્રો ખાતે જિલ્લા શિક્ષણાધિકારશ્રીઓ મારફતે કરવામાં આવશે.

❖ શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક)-૨૦૨૬ નો કાર્યક્રમ

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિદ્ધ કર્યાની તારીખ | 05/02/2026 |
| ૨ | ઉમેદવારો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનો સમયગાળો | 10/02/2026 થી 19/02/2026 |
| ૩ | ઓનલાઈન ફી ભરવાનો સમયગાળો | 10/02/2026 થી 20/02/2026 |
| ૪ | પ્રાથમિક પરીક્ષા (બહુવિકલ્પ સ્વરૂપ) તારીખ | 29/03/2026 |
| ૫ | મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) તારીખ | મે - 2026 (સંભવિત) |

❖ વિષયો:

- શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની જોગવાઈ અનુસાર ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શીખવવામાં આવતા વિષયો પૈકી નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા સૂચવવામાં આવેલ નીચે મુજબનાં વિષયોની કસોટી યોજવામાં આવશે.
- ગુજરાતી માધ્યમ માટે નીચે મુજબનાં વિષયોની કસોટી યોજવામાં આવશે.
  - ➢ Account & Commerce, Biology, Chemistry, Computer, Economics, English, Geography, Gujarati, Hindi, History, Agriculture, Maths, Philosophy, Physics, Political Science, Psychology, Sanskrit, Sociology, Statistics, Physical Education અને Social Science.
- અંગ્રેજી માધ્યમ માટે નીચે મુજબનાં વિષયોની કસોટી યોજવામાં આવશે.
  - ➢ Account & Commerce, Biology, Chemistry, Computer, Economics, English, Gujarati, Hindi, Maths, Physics, Psychology, Sociology, Statistics, Physical Education.
- હિન્દી માધ્યમ માટે નીચે મુજબનાં વિષયોની કસોટી યોજવામાં આવશે.
  - ➢ Account & Commerce, Economics, English, Hindi, Psychology, Sociology.

**નોંધ: વર્ષ ૨૦૨૩ માં લેવાયેલ TAT-HS ભૂગોળ વિષય, સંદર્ભે નામદાર હાઈકોર્ટમાં SCA NO:15923 OF 2024 અને SCA NO:17183 OF 2025 અને અન્ય સમાંતર કેસોનો આખરી ચુકાદો ભૂગોળ વિષયની પ્રવર્તમાન પરીક્ષાના સંદર્ભમાં લાગુ પડતા પરીક્ષાર્થીઓને તેમજ તે સંદર્ભની જગ્યાઓ સંબંધે માન્ય અને બંધનકર્તા રહેશે.**

❖ શૈક્ષણિક લાયકાત:

- નોંધાયેલી સરકારી અને ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતો વખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવાર જ આ શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) માટે ઉપસ્થિત થઈ શકશે.

- શૈક્ષણિક લાયકાત શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ, તા:૧૧/૦૧/૨૦૨૧, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ, તા:૧૯/૧૦/૨૦૨૨, ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH, તા:૧૭/૦૫/૨૦૨૩, ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH, તા:૧૯/૦૫/૨૦૨૩ અને ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH, તા:૧૫/૦૭/૨૦૨૩ મુજબ રહેશે. (ઠરાવ આ સાથે સામેલ છે.)
- જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અનુસ્નાતક ડિગ્રી અથવા તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હોય તે વિદ્યાર્થીઓ પણ ફોર્મ ભરી શકશે. આવા વિદ્યાર્થીઓની આ પરીક્ષાની અરજી તેઓના છેલ્લા વર્ષની પરીક્ષાના પરિણામને આધિન રહેશે. આ પ્રકારની તકથી TAT – HS માં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ ભવિષ્યમાં યોજાનાર શિક્ષક ભરતી પ્રક્રિયામાં સંબંધિત લાયકાત પાસ થયાની માર્કશીટ રજુ કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા જાહેર થાય ત્યાં સુધી માન્ય લાયકાતનુ પરિણામ મેળવી ન શકનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયામાં હક દાવો કરી શકશે નહિ. ભરતી બાબતે ભરતી સમિતિ જે નિર્ણય લેશે તે આખરી અને માન્ય ગણાશે.
- શૈક્ષણિક અને તાલીમી લાયકાતની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનું નિર્ણય જ અંતિમ રહેશે. તેથી આપ આ શૈક્ષણીક અને તાલીમી લાયકાતની પુરતી ચકાસણી કરી ભરતી માટે લાયક હોય તો જ ફોર્મ ભરવા સૂચન છે.

❖ પરીક્ષા ફીઃ

- SC, ST, SEBC, EWS, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ.૪૦૦/- અને સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી રૂ.૫૦૦/- ભરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહી.

❖ કસોટી / પરીક્ષાનું સ્વરૂપ:

➢ "શિક્ષક અભિરુચિ કસોટી" પ્રાથમિક અને મુખ્ય એમ દ્વિસ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષા સ્વરૂપની રહેશે.

A. પ્રાથમિક પરીક્ષા : આ પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની રહેશે.
B. મુખ્ય પરીક્ષા : આ પરીક્ષા વર્ણનાત્મક લેખિત સ્વરૂપની રહેશે.

A. પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam) નું સ્વરૂપ :

➢ પ્રાથમિક પરીક્ષા ૨૦૦ ગુણની બહુવિકલ્પ સ્વરૂપની (Multiple Choice Question) હશે.
➢ આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ – ૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ – ૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
➢ ૧૦૦ ગુણનો પ્રથમ વિભાગ તમામ ઉમેદવારો માટે એક સરખો રહેશે.
➢ ૧૦૦ ગુણનો બીજો વિભાગ જે તે ઉમેદવાર જે વિષય માટે અરજી કરે છે તે વિષય આધારિત હશે.
➢ આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
➢ પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનિટનો રહેશે.
➢ દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
➢ દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
➢ આ કસોટીના મૂલ્યાંકનમાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ (માઈન્સ) નકારાત્મક મૂલ્યાંકન રહેશે.

❖ વિભાગ-૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

➢ સામાન્ય જ્ઞાન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental duties-Article-51(A)), ગુજરાતી સાહિત્ય, રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ) પ્રવાહો અને માળખું, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખેલકૂદ અને રમતો, મહાન વિભૂતિઓ (દેશ), સંગીત અને કલા, ભારતનો ઇતિહાસ, ભારતની ભૂગોળ, વર્તમાન પ્રવાહો જાણકારી.

- શિક્ષક અભિયોગ્યતા (૩૫ પ્રશ્નો) (૩૫ ગુણ)
  - શિક્ષણની ફિલસૂફી (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)
    - ✓ કેળવણીના હેતુઓ (સામાજિક, વ્યક્તિગત, વિશિષ્ટ), કેળવણીના સ્વરૂપો (ઔપચારીક, અનૌપચારીક, અધિક, નિરંતર, દૂરવર્તી), શિક્ષણની વિચારધારા (આદર્શવાદ, પ્રકૃતિવાદ, વ્યવહારવાદ)
  - શૈક્ષણિક મનોવિજ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)
    - ✓ વૃદ્ધિ અને વિકાસ, તરુણાવસ્થા, શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ, વૈયક્તિક ભિન્નતાઓ, અધ્યયન, બુદ્ધિ, બચાવ પ્રયુકિતઓ, પ્રેરણા, વિશિષ્ટ બાળકો, વ્યક્તિત્વ, રસ-મનોવલણ, અભિયોગ્યતા.
  - વર્ગ વ્યવહાર અને મૂલ્યાંકન (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)
    - ✓ વર્ગવ્યવહાર, મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર, શિક્ષણ અને ટેકનોલોજી, ક્રિયાત્મક સંશોધન.
- તાર્કીક અભિયોગ્યતા (૧૫ પ્રશ્નો) (૧૫ગુણ)
- ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાંચન, કથન, શ્રવણ કૌશલ્ય) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)
  - વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામચિન્હો, અનેકાર્થી, પર્યાયી શબ્દો વગેરે), સંક્ષેપ લેખન, સારગ્રહણ, ભૂલ શોધ અને સુધારણા, શીર્ષક, સારાંશ.
- અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ – ૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)
  - સામાન્ય વ્યાકરણ, ભાષાંતર, સ્પેલીંગ સુધારણા કરવી, શબ્દ રચના, ચિત્ર આધારીત પ્રશ્નો વગેરે.

❖ વિભાગ - ૨ ખાસ વિષયની કસોટી (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)

- વિષયવસ્તુ (૮૦ પ્રશ્નો) (૮૦ ગુણ)
  - સંબંધિત વિષયનો અભ્યાસક્રમ ધોરણ - ૧૧ થી ૧૨ નો રહેશે. (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે.)
  - પરીક્ષાના અભ્યાસક્રમની વિષયવસ્તુની કઠિનતા અનુસ્નાતક કક્ષાની રહેશે.
- વિષયવસ્તુ આધારીત પદ્ધતિના પ્રશ્નો (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

❖ પરીક્ષાનું માધ્યમઃ

આ કસોટી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં (ઉપર જણાવ્યા પ્રમાણે માધ્યમ વાઈઝ વિષયો માટે) યોજવામાં આવશે. ઉમેદવાર ત્રણેય પૈકી કોઈપણ માધ્યમ પસંદ કરી શકશે. તેઓએ જે માધ્યમમાં પ્રાથમિક પરીક્ષા પાસ કરી હશે એજ માધ્યમમાં મુખ્ય કસોટી આપવાની રહેશે. જો ઉમેદવારો એક કરતા વધુ વિષયો માટે તથા માધ્યમો માટે ફોર્મ ભરશે તો કોઈ એક જ વિષય અને એક જ માધ્યમની કસોટીમાં ઉપસ્થિત રહી શકશે.

B. મુખ્ય કસોટી(Mains Exam) નું સ્વરૂપ:

પ્રાથમિક કસોટીમાં Cut Off કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો માટે મુખ્ય કસોટી યોજાશે. જે વર્ણનાત્મક લેખિત સ્વરૂપની હશે. આ કસોટીમાં પ્રશ્નપત્રોનું માળખું નીચે મુજબ હશે.

- આ મુખ્ય કસોટીના બે પ્રશ્નપત્રો રહેશે. પ્રશ્નપત્ર-૧ માં ગુજરાતી/હિન્દી/ અંગ્રેજી સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે તથા પ્રશ્નપત્ર-૨ માં વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતાના ૧૦૦ ગુણ રહેશે. આમ આ મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની રહેશે.

- આ પરીક્ષામાં વિષયવસ્તુનો અભ્યાસક્રમ ધોરણ - ૧૧ થી ૧૨ નો રહેશે તેમજ તેમનું કઠિનતા અને અનુબંધ અનુસ્નાતક કક્ષાનું રહેશે. (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે.)
- પ્રશ્નપત્ર - ૧ માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૫૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્ર - ૨ માં ૧૦૦ ગુણ માટેનો સમય ૧૮૦ મિનીટનો રહેશે.

❖ પ્રશ્નપત્ર-૧:ભાષા ક્ષમતા (કોષ્ટક - ૧ મુજબ)

અ) ગુજરાતી ભાષા ક્ષમતા (ગુજરાતી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

બ) હિન્દી ભાષા ક્ષમતા (હિન્દી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

અથવા

ક) અંગ્રેજી ભાષા ક્ષમતા (અંગ્રેજી માધ્યમ માટે) ૧૦૦ ગુણ

❖ પ્રશ્નપત્ર-૧ ગુજરાતી / હિન્દી સજ્જતા (કોષ્ટક-૧) (૧૦૦ ગુણ)

| ક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્નસ્વરૂપ | |
|---|---|---|
| ૧ | નિબંધ : આશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં (વર્ણનાત્મક વિશ્લેષાત્મક, ચિંતનાત્મક /સાંપ્રત સમય પર આધારિત) | |
| ૨ | સંક્ષેપીકરણ આપેલ ગદ્યમાંથી આશરે ૧/3 ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | |
| 3 | પત્ર લેખન : (આશરે ૧૦૦ શબ્દોમાં) (અભિનંદન/શુભેચ્છા/વિનંતી/ફરિયાદવગેરે) | |
| ૪ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં)<br>(વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ વ્યક્તિગત અભિપ્રાય દર્શાવતું ચિત્ર) | |
| ૫ | વ્યાકરણ (સૂચવ્યા મુજબ જવાબ લખો) | |
| | 1. રૂઢિપ્રયોગના અર્થ અને વાક્ય પ્રયોગ | 2. કહેવતોનો અર્થ |
| | 3. સમાસનો વિગ્રહ અને ઓળખ | 4. છંદ ઓળખાવો |
| | 5. અલંકાર ઓળખાવો | 6. શબ્દસમૂહ માટે એક શબ્દ |
| | 7. જોડણી શુદ્ધિ | 8. લેખનશુદ્ધિ, ભાષાશુદ્ધિ |
| | 9. સંધિ – જોડો કે છોડો | 10. વાક્ય રચનાના અંગો/ વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન |

અથવા

❖ પ્રશ્નપત્ર-૧ અંગ્રેજી સજ્જતા (કોષ્ટક - ૧) (૧૦૦ ગુણ)

| ક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્નસ્વરૂપ |
|---|---|
| 1 | Report Writing (in about 200 words)<br>A report on an official function/ event/ field trip/ survey etc. |
| 2 | Writing on Visual Information (in about 150 words)<br>A report on a graph/image/ flow chart/ table of comparison/simple/ statistical data etc. |
| 3 | Formal Speech (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/ conference, a formal ceremony of importance etc. |
| 4 | Application/Letter Writing (in about 150words) |
| 5 | Grammar |

| | | |
|---|---|---|
| | 1. Tenses | 2. Voice |
| | 3. Narration (Direct-Indirect) | 4. Transformation of sentences |
| | 5. Use of articles and determiners | 6. Use of Propositions |
| | 7. Use of Phrasal Verbs | 8. Use of idiomatic expressions |
| | 9. Administrative Glossary | 10. Synonyms/Antonyms |
| | 11. One-word substitution | 12. Affixes |
| | 13. Cohesive devices/connectives/ Linkers | 14. Word that cause confusion like homonyms/homophones |

❖ પ્રશ્નપત્ર-૨ : વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતા (કોષ્ટક - ૨) (૧૦૦ ગુણ)

- શિક્ષણ વિભાગનાં સુધારા ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G, તા:૧૩/૦૧/૨૦૨૬ અનુસાર પ્રશ્નપત્ર – ૨ માં પ્રશ્નસ્વરૂપ નીચે મુજબ રહેશે. (ઠરાવ આ સાથે સામેલ છે.)
- જે વિષય માટે અરજી કરી હોય તે વિષયનું પ્રશ્નપત્ર રહેશે

| ક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્નસ્વરૂપ | ગુણભાર |
|---|---|---|
| ૧ | મુદ્દાસર જવાબ આપો (૧૫૦ થી ૧૮૦ શબ્દોમાં). સાત પ્રશ્નો (દરેક પ્રશ્નના ૦૫ ગુણ) | ૩૫ |
| ૨ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) સાત પ્રશ્નો (દરેક પ્રશ્નના ૦૪ ગુણ) | ૨૮ |
| ૩ | એક કે બે વાક્યમાં જવાબ આપો. અગિયાર ફરજિયાત (દરેક પ્રશ્નનાં ૦૨ ગુણ) | ૨૨ |
| ૪ | હેતુલક્ષી પ્રશ્નો (ખાલી જગ્યા પૂરો / જોડકાં જોડો/ સાચા-ખોટા / વગેરે) (દરેક પ્રશ્નનો ૦૧ ગુણ) | ૧૫ |
| | કુલ ગુણ | ૧૦૦ |

❖ શિક્ષક અભિરુચિ કસોટીમાં યોગ્યતા પ્રાપ્ત કરવાના ધોરણો:

- **પ્રાથમિક પરીક્ષા:** રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ Cut-Off થી વધુ ગુણ પ્રાથમિક પરીક્ષામાં મેળવનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા આપી શકશે.
  (મુખ્ય પરીક્ષા માટે પ્રાથમિક પરીક્ષામાં Cut-Off થી વધુ ગુણ મેળવનાર ઉમેદવારે અલગ થી અરજી કરવાની રહેશે નહીં. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે ઓળખપત્ર (Hall Ticket) ઓનલાઇન માધ્યમથી આપવામાં આવશે.)
- **મુખ્ય પરીક્ષા:** શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G, તા:૨૭/૦૧/૨૦૨૬ અનુસાર સામાન્ય (GENERAL) કેટેગરીનાં ઉમેદવારોનાં કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરિટ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવશે અને અનુસૂચિત જાતી (SC), અનુસુચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળા વર્ગો (EWS) અને દિવ્યાંગ (PH) કેટેગરીનાં ઉમેદવારોનાં કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૫% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.

❖ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની સમયમર્યાદા:

- શિક્ષક અભિરુચિ કસોટીનું આયોજન સમયાંતરે કરવામાં આવશે. કોઈપણ વર્ષે યોજાયેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની માન્યતા અવધિ ત્યારબાદ લીધેલ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવે ત્યાં સુધીની રહેશે.

- ❖ શિક્ષક અભિરુચિ કસોટીના મેરીટ લીસ્ટની ઉપયોગિતા બાબત:
  - આ કસોટીઓ નોંધાયેલી ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક અને સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે. આ કસોટી પાસ કરવાથી શિક્ષક તરીકેની પસંદગીનો હક્ક પ્રસ્થાપિત થતો નથી.
  - કોઈપણ યોજના અંતર્ગત કોઈપણ સંસ્થા તેઓના નીતિ-નિયમો અનુસાર યોગ્ય લાગે તો જરૂરિયાત મુજબ આ મેરીટ લીસ્ટનો ઉપયોગ કરી શકશે.

- ❖ કસોટી/પરીક્ષા કેન્દ્રઃ-
  - કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકુળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે.

- ❖ અગત્યની સુચનાઓઃ-
  - **વર્ષ ૨૦૨૩ માં લેવાયેલ TAT-HS ભૂગોળ વિષય, સંદર્ભે નામદાર હાઈકોર્ટમાં SCA NO:15923 OF 2024 અને SCA NO:17183 OF 2025 અને અન્ય સમાંતર કેસોનો આખરી ચુકાદો ભૂગોળ વિષયની પ્રવર્તમાન પરીક્ષાના સંદર્ભમાં લાગુ પડતા પરીક્ષાર્થીઓને તેમજ તે સંદર્ભની જગ્યાઓ સંબંધે માન્ય અને બંધનકર્તા રહેશે.**
  - ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઇટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
  - પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://ojas.gujarat.gov.in અને http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
  - ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ખરાઇ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત,અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
  - ઓનલાઈન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતમાં આવેદન પત્ર ભરાયા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ જો અરજદારે આવેદન પત્રમાં કોઈ માહિતી ખોટી ભરેલ હોય તો નિયત સમયમર્યાદામાં અરજદારે ફરીથી આવેદન પત્ર ભરવાનું રહેશે. ભરાયેલ આવેદન પત્રની વિગતોમાં ફેરફાર અંગેની કોઈ પણ અરજી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.
  - આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદન પત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરીણામ રદ્દ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.
  - ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે. તેવુ પ્રમાણપત્ર ઓનલાઇન આપવાનું રહેતું હોઇ જો કોઇ ખોટી વિગત રજુ કરશે તો તેનું ફોર્મ રદ્દ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
  - વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
  - અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિ કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર જરૂરી છે.
  - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ

અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.

- શારીરિક અપંગતા (Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નક્કી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. ઉપરાંત શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:BMS/11/2019/631243/G, તા:૧૯/૦૫/૨૦૨૩ ની જોગવાઈઓ લાગુ પડશે.
- આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) અનામત માટે પાત્રતા પ્રમાણપત્ર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીશ્રીનું ''આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર'' મેળવેલ હોવું જોઈએ.
- ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર, ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.
- જે ઉમેદવારે નિયત પરીક્ષા ફી ભરેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઇઝ હોલટિકિટ http://ojas.gujarat.gov.in અને http://www.sebexam.org વેબસાઇટ પરથી નિયત સમયગાળા દરમિયાન પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મતારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઇ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 7963 / 079 232 48462 ઉપર સંપર્ક કરી શકાશે.
- **નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.**

❖ ઓનલાઈન અરજી કરવાની રીત :

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૦/૦૨/૨૦૨૬ થી તા:૧૯/૦૨/૨૦૨૬ દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે અને તા:૧૦/૦૨/૨૦૨૬ થી તા:૨૦/૦૨/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન ફી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.

- સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- ઉમેદવાર ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમ પૈકી જે માધ્યમમાં કસોટી આપવા માટે પાત્રતા ધરાવતા હોય તે માધ્યમ પસંદ કરી ''શિક્ષક અભિરુચિ કસોટી(ઉચ્ચત્તર માધ્યમિક) TAT (Higher Secondary)-૨૦૨૬ નું ફોર્મ ભરવું.
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type  કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને  Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટ કોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG formatમાં તમારો Photo store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમા  Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (2) બટન 1:Application Preview 2.Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવુ. વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્ર વ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઈન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM-DEBIT CARD / CREDIT CARD / NET BANKING / UPI / WALLET થી  તા:૧૦/૦૨/૨૦૨૬ થી ૨૦/૦૨/૨૦૨૬ સુધી પરીક્ષા ફી ભરી શકશે.

❖ ફી ભરવાની પધ્ધતિ:

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૦/૦૨/૨૦૨૬ થી તા:૨૦/૦૨/૨૦૨૬ દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ ફી સ્વીકારવામાં આવશે.

- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM - DEBIT CARD / CREDIT CARD / NET BANKING / UPI / WALLET થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી ભરવા માટે "Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું Screen પર લખાયેલું આવશે અને E-Receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફી ની E-Receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com) થી સંપર્ક કરવાનો રહેશે.
- ઓનલાઈન ફીની E-receipt જનરેટ ન થાય તો હોલ ટીકીટ નીકળશે નહિ તેથી ફીની E-Receipt ન નિકળે તો રાજ્ય પરીક્ષા બોર્ડનો સંપર્ક કરવો.

સ્થળ: ગાંધીનગર
તારીખ:૦૫/૦૨/૨૦૨૬

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચત્તર ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર